
NAVSARI AGRICULTURAL UNIVERSITY

आज़ादी का अमृत महोत्सव



# ખેડૂતોપયોગી સંશોધન ભલામણો ૨૦૨૨


:: પ્રકાશક ::

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી – ૩૯૬ ૪૫૦


નવસારી કૃષિ યુનિવર્સિટી



ડાંગરની વધુ પ્રોટીન ધરાવતી બાયોફોર્ટીફાઇડ
જાત જી.આર.-૨૩ (નવસારી પૌષ્ટિક)




ડાંગરની જાત NVSR-2801
[જી.આર.-૨૪ (નવસારી પરિમલ)]



જુવારની જાત SR-2917 ગુજરાત નવસારી
જુવાર-૧ (જીએનજે-૧, Endorsement)



નાગલીની જાત WN-591 [સી.એફ.એમ.વી.-૩
(એક વિજય), Endorsement]



ચોળીની જાત NCK-15-09 ગુજરાત
શાકભાજી ચોળી-૯ (શાકંભરી)



શણની નવી જાત NSUN-59
[જી.એન.એસ.યુ.એન-૧ (વિજય)]

# ખેડૂતોપયોગી
# સંશોધન ભલામણો-૨૦૨૨

क्षिमूला समृद्धिः
NAVSARI AGRICULTURAL UNIVERSITY

:: સંકલન ::
ડૉ. જી. બી. કાલરીયા
તાલીમ સહાયક (પા.સં.)
તાલીમ અને મુલાકાત યોજના
વિ.શિ.નિ.શ્રીની કચેરી, ન.કૃ.યુ.
નવસારી-૩૯૬ ૪૫૦

:: પ્રકાશક ::
વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬ ૪૫૦

# ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૨


| | | |
|---|---|---|
| પ્રકાશન વર્ષ | : | ૨૦૨૨ |
| પ્રત | : | ૫૦૦ |
| પ્રકાશક | : | વિસ્તરણ શિક્ષણ નિયામક<br>નવસારી કૃષિ યુનિવર્સિટી<br>નવસારી- ૩૯૬ ૪૫૦ |
| યુનિવર્સિટી પ્રકાશન નં. | : | NAU/01/04/034/2022 |
| મુદ્રક | : | એશિયન પ્રિન્ટરી<br>ભૂતની આંબલી પાસે, તલાટી હોલ પાસે,<br>રાયપુર, અમદાવાદ-૦૧.<br>ફોન : ૦૭૯-૨૨૧૪૮૮૨૬ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY



**કુલપતિ**
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી – ૩૯૬ ૪૫૦

# :: સંદેશ ::

નવસારી કૃષિ યુનિવર્સિટીમાં કૃષિ સંશોધ એક મુખ્ય ઘટક છે. સંશોધન એ કોઈપણ ક્ષેત્રના વિકાસ માટે અવિરત પ્રક્રિયા છે, કૃષિ અને તેને સંલગ્ન વ્યવસાયોને લક્ષમાં રાખી વર્તમાન સમયનું સંશોધન આવનાર ભવિષ્યની માંગને કારણે જૂનું થઈ જાય છે. તેથી વિવિધ વિભાગો દ્વારા કૃષિ, બાગાયત, વન્ય, પશુપાલન, મત્સ્યપાલન, કૃષિ ઈજનેરી, કૃષિ બજાર વ્યવસ્થા અને તેને સંલગ્ન વ્યવસાયોના વિકાસ માટે સંશોધનની પ્રક્રિયા અત્રેની સંસ્થામાં અવિરત પણે ચાલુ રહે છે. આ સંશોધન પ્રક્રિયાના અંતે યુનિવર્સિટીના વિવિધ સંશોધન કેન્દ્ર દ્વારા મળેલ ભલામણો ખેડૂતોના ઉપયોગ માટે  દર વર્ષે તૈયાર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ દરમ્યાન બહાર પાડવામાં આવેલ સંશોધન ભલામણોને **'ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૨'** પુસ્તિકા રૂપે પ્રકાશિત કરવામાં આવી રહેલ છે, જે ખેડૂતો ઉપરાંત સમગ્ર રાજ્યમાં કૃષિ-બાગાયત ખાતાના અધિકારીઓ, વિસ્તરણ કાર્યકરો અને અન્ય કૃષિ સંલગ્ન સંસ્થાઓને પણ ઉપયોગી તેમજ માર્ગદર્શક બની રહેશે. ભલામણોના ઉપયોગ થકી કુદરતી સંસાધનોની જાળવણી સાથે ખેત ઉત્પાદન અને આવકમાં વધારો થશે. સદર પુસ્તિકા રાજ્યના કૃષિ વિકાસમાં ઉપયોગી થશે તેવી આશા રાખું છું.

આ પુસ્તિકા તૈયાર કરવા બદલ સંલગ્ન તમામ કૃષિ વૈજ્ઞાનિકો તેમજ માહિતી સુવ્યવસ્થિત રીતે સંકલન કરનાર વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીની પ્રશંસનીય કામગીરીને બિરદાવું છું.

**તારીખ : ૦૪/૧૦/૨૦૨૨**
**સ્થળ : નવસારી**

**(ઝેડ. પી. પટેલ)**
**કુલપતિ**

NAVSARI AGRICULTURAL UNIVERSITY



**સંશોધન નિયામક**
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી - ૩૯૬ ૪૫૦

## :: સંદેશ ::

કૃષિ અને તેને સંલગ્ન વ્યવસાયોનાં વિકાસ માટે સંશોધન કાર્ય ખુબ જ જરૂરી છે. નવસારી કૃષિ યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રમાં નવસારી, વલસાડ, ડાંગ, તાપી, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ સાત જિલ્લા ખાતે કાર્યરત વિવિધ સંશોધન કેન્દ્રો ખેતી અને તેને સંલગ્ન ક્ષેત્રોને આવરી લઈ ખેડૂતોની જરૂરીયાત આધારીત સંશોધનોના અખતરાઓ ગોઠવી વિવિધ સંશોધનો હાથ ધરે છે. આ સંશોધન કાર્ય ચાર થી પાંચ વર્ષ સુધી ચાલ્યાં બાદ અખતરાઓના સફળ પરિણામો અલગ તારવી તેની સમીક્ષા કરવા સંશોધનોની પેટા સમિતિઓની બેઠકમાં ચર્ચા કરવામાં આવે છે. ચર્ચાના અંતે ખેડૂતોને ઉપયોગી થાય તેવા તારણો અલગ તારવી કાઢવામાં આવે છે. વર્ષ ૨૦૨૨માં સંશોધનોની સંયુક્ત ૧૮મી બેઠકમાં આ સફળ તારણોને ખેડૂતોના ઉપયોગ સારૂ ભલામણ કરવા માટે રજૂ કરવામાં આવેલ છે. જેને ખેડૂત સમુદાયના લાભાર્થે **'ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૨'** પુસ્તિકા સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવી રહી છે, ત્યારે હું ગર્વ અને આનંદની લાગણી અનુભવું છું. મને આશા છે, કે પુસ્તિકામાં સામેલ ભલામણો ગુજરાતના ખેડૂતોનું ખેત ઉત્પાદન અને નફાનું ધોરણ વધારવામાં ઉપયોગી થશે.

આ પુસ્તિકા તૈયાર કરવા બદલ યુનિવર્સિટીનાં સબંધિત વૈજ્ઞાનિકો તેમજ માહિતી સુવ્યવસ્થિત રીતે સંકલન કરનાર વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના ડૉ. જી. બી. કાલરીયાને બિરદાવું છું.

**તારીખ : ૦૪/૧૦/૨૦૨૨**
**સ્થળ : નવસારી**

**(ટી.આર. અહલાવત)**
**સંશોધન નિયામક**

NAVSARI AGRICULTURAL UNIVERSITY



વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬ ૪૫૦

## :: સંદેશ ::

નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ દક્ષિણ ગુજરાતના સાત જીલ્લાઓના સ્થાનિક કૃષિ હવામાનના પરિબળો જેવા કે, તાપમાન, વરસાદ, જમીન, પાણી વિ. કુદરતી સંસાધનોની ઉપલબ્ધતા અને ખેડૂતોના ખેતી સંબધી પ્રશ્નોને ધ્યાને લઈને વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ધાન્ય પાકો, કઠોળ પાકો, રોકડિયા પાકો, ફળ પાકો, શાકભાજી પાકો, ફૂલ પાકો, પાકોની વિવિધ જાતો, રક્ષિત ખેતી, સજીવ ખેતી, કૃષિ ઈજનેરી, મૂલ્યવૃધ્ધિ, પશુપાલન, વન્ય પાકો વિ. ના સંશોધનો દર વર્ષે અવિરત હાથ ધરવામાં આવે છે.

કૃષિ સંશોધન ભલામણોની પુસ્તિકા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે. ગુજરાતી ભાષામાં તૈયાર કરવાથી ખેડૂતો સારી રીતે તે સમજી શકે અને ખેતી સંબધિત પ્રશ્નો ઉદ્‌ભવે ત્યારે તેનો ઉપયોગ કરી શકે. આ પુસ્તિકામાં નવી ટેક્નોલોજી ચિત્રો સાથે પ્રકાશિત કરવામાં આવેલ છે. યુનિવર્સિટીની સંશોધન ભલામણોને ગ્રંથસ્થ કરતી **'ખેડૂતોપયોગી સંશોધન ભલામણો-૨૦૨૨'** પુસ્તિકા પ્રકાશિત કરતાં આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું અને મને વિશ્વાસ છે કે, ખાતાના અધિકારીઓ, વિસ્તરણ કાર્યકરો અને ખેડૂતો માટે તે ખુબ જ ઉપયોગી સાબિત થશે.

આ પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં ડૉ. જી. બી. કાલરીયાએ આપેલ યોગદાનને અભિનંદન સહિત બિરદાવું છું.

**તારીખ : ૦૪/૧૦/૨૦૨૨**
**સ્થળ : નવસારી**

**(એન.એમ. ચૌહાણ)**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

कृषिमूला ऋद्धिः

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧૮.૧ | ધાન્ય પાકો | ૧ |
| ૧૮.૨ | કઠોળ પાકો | ૬ |
| ૧૮.૩ | તેલીબિયા પાકો | ૮ |
| ૧૮.૪ | રોકડિયા પાકો | ૮ |
| ૧૮.૫ | ફળ પાકો | ૧૦ |
| ૧૮.૬ | શાકભાજી પાકો | ૧૪ |
| ૧૮.૭ | ફૂલ પાકો | ૧૮ |
| ૧૮.૮ | સેન્દ્રિય ખેતી | ૨૨ |
| ૧૮.૯ | કૃષિ ઈજનેરી | ૨૩ |
| ૧૮.૧૦ | મૂલ્યવૃદ્ધિ | ૨૪ |
| ૧૮.૧૧ | પશુપાલન | ૨૪ |
| ૧૮.૧૨ | ઘાસચારા પાકો | ૨૬ |
| ૧૮.૧૩ | મત્સ્યપાલન | ૨૭ |
| ૧૮.૧૪ | વન્ય પાકો | ૨૭ |

कृषिमूला ऋद्धिः

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# ૧૮.૧ ધાન્ય પાકો

## ૧૮.૧.૧ ડાંગરની નવી વધુ પ્રોટીન ધરાવતી બાયોફોર્ટીફાઈડ જાતઃ જી.આર.-૨૩ (નવસારી પૌષ્ટિક)

ગુજરાતમાં ખરીફ ઋતુમાં રોપાણ ડાંગરનો પાક ઉગાડતા ખેડૂતોને જી.આર.૨૩ (નવસારી પૌષ્ટિક) બાયોફોર્ટીફાઈડ જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. ડાંગરની સુચિત જાતનું ગુજરાતમાં સરેરાશ ઉત્પાદન ૫૬૩૧ કિ.ગ્રા./હે. મળેલ છે, જે અંકુશ જાતો જી.એન.આર.-૨, જી.આર.-૧૧, જી.એ.આર.-૧૩ અને જી.એન.આર.-૭ કરતાં અનુક્રમે ૨૫.૩, ૩૭.૬, ૧૦.૯ અને ૧૨.૯% વધુ છે. આ જાતનો દાણો મધ્યમ પાતળો, કંઠીની લંબાઈ, ફુટ તેમજ કંટીમાં દાણાની સંખ્યા વધુ છે. આ જાતના દાણામાં વધુ પ્રોટીન (૧૨.૧૮%), મધ્યમ ઝીંક (૨૦.૪૦ પીપીએમ) અને એમાઈલોઝ (૨૪.૮૦%) તેમજ વધુ આ દાણાનું પ્રમાણ (૬૦.૮૦%) ધરાવે છે. ડાંગરની આ જાત પાનનો સુકારા, ભુખરા દાણાનો રોગ અને પાનના કરમોડી રોગ સામે મધ્યમ પ્રતિકારક શક્તિ ધરાવે છે, તેમજ બદામી ચુસીયા અને પાન વાળનારી ઈયળ જીવાતો સામે પ્રતિકારક શકિત ધરાવે છે.

**ડાંગરની નવી બાયોફોર્ટીફાઈડ જાત : જી.આર.-૨૩ (નવસારી પૌષ્ટિક)**

| અ. નં. | ગુણધર્મો | જી.આર. -૨૩ | જી.એન. આર.-૨ | જી.આર. -૧૧ | જી.એ. આર.-૧૩ | જી.એન. આર.-૭ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઉત્પાદન (કિ.ગ્રા./હે.) | ૫૬૩૧ | ૪૪૫૬ | ૪૦૯૨ | ૫૦૭૭ | ૪૮૭૨ |
| ૨ | છોડની ઉંચાઈ (સે.મી.) | ૧૨૫-૧૩૫ | ૧૦૦-૧૧૦ | ૧૨૫-૧૩૦ | ૧૨૭-૧૩૩ | ૧૧૦-૧૨૦ |
| ૩ | પાકવાના દિવસો | ૧૨૫-૧૩૦ | ૧૨૫-૧૩૦ | ૧૩૦-૧૩૫ | ૧૩૦-૧૩૫ | ૧૨૫-૧૩૦ |
| ૪ | પ્રોટીન (%) | ૧૨.૧૮ | ૬.૫૩ | ૬.૪૬ | ૬.૫૨ | ૬.૪૮ |


જી.આર.-૨૩ (નવસારી પૌષ્ટિક)



NVSR-335



UNPOLISH



POLISHED

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૧.૨ ડાંગરની નવી જાત NVSR-2801 [જી.આર.-૨૪ (નવસારી પરિમલ)]

ગુજરાતમાં ખરીફ ઋતુમાં રોપાણ ડાંગરનો પાક ઉગાડતા ખેડૂતોને વહેલી પાકતી, ઢળી ન પડે તેવી જી.આર.૨૪ (નવસારી પરિમલ) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. ડાંગરની સુચિત જાતનું ગુજરાતમાં સરેરાશ ઉત્પાદન ૫૦૩૮ કિ.ગ્રા./હેકટર મળેલ છે, જે અંકુશ જાતો જી.આર.-૭ અને જી.એ.આર.-૩ કરતાં અનુક્રમે ૨૧.૮ અને ૯.૦ % વધુ ઉત્પાદન આવેલ છે. લાંબો અને પાતળો દાણો ધરાવતી આ જાત જી.આર.-૨૪, મધ્યમ એમાઈલોઝ(૨૪.૮%) તેમજ વધુ આખા ચોખાનું પ્રમાણ (૫૮.૨%) ધરાવે છે. ડાંગરની સુચિત જાત પર્ણનો કરમોડી રોગ તથા બદામી અને સફેદ પીઠવાળા ચુસિયા પ્રકારની જીવાતો સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે.








[ભલામણ વર્ષ: ૨૦૨૨, સહ સંશોધન વૈજ્ઞાનિક, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વ્યારા]

### ૧૮.૧.૩ દક્ષિણ ગુજરાતની જમીનમાં ડાંગર (ચોમાસુ)-શાકભાજી (રવી) પાક પધ્ધતિમાં સંકલીત પોષણ વ્યવસ્થાપનનો પ્રતિભાવ

દક્ષિણ ગુજરાત વિસ્તારના ખેડૂતોને ચોમાસું ડાંગર-રવી શાકભાજી પાક પધ્ધતિમાં ડાંગર-મૂળા પાક પધ્ધતિ અપનાવવા ભલામણ કરવામાં આવે છે. મૂળાના

**પાકની વાવણી પહેલા ૧૦ ટન બાયોકમ્પોસ્ટ પ્રતિ હેકટર આપી અને ૧% એનરીચડ નોવેલ ઓર્ગેનિક લિકિવડ ન્યુટ્રીયન્ટસનો વાવેતર બાદ ૨૦ અને ૪૦ દિવસે છંટકાવ કરવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.**






[ભલામણ વર્ષ: ૨૦૨૨, સં.વૈ., જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૧.૪ જુદી જુદી ખેતી પધ્ધતિઓ માટે ડાંગર આધારીત પાક પધ્ધતિનો અભ્યાસ

**દક્ષિણ ગુજરાત વિસ્તારના ખેડૂતોને વિવિધ હેતુઓ માટે નીચે મુજબની પાક પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે.**

| પાક પધ્ધતિ | હેતું |
|---|---|
| ડાંગર - મેથી (શાકભાજી) - ગુવાર (શાકભાજી) પાક પધ્ધતિ | વધુ ઉત્પાદન અને આવક |
| ડાંગર - મગ - બાજરા પાક પધ્ધતિ | જમીનની ફળદ્રુપતા માટે |
| ડાંગર - પાપડી (શાકભાજી) - તલ પાક પધ્ધતિ | કુટુંબના પોષણ માટે |
| ડાંગર- રજકો પાક પધ્ધતિ | પશુઓના પોષણ માટે |





[ભલામણવર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧.૫ દક્ષિણ ગુજરાતમાં ડાંગર પાક પર ઝીંકની અસર




દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ચોમાસુ ઋતુમાં હાઈબ્રીડ ડાંગરની ફેરરોપણી કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ડાંગરમાં ૦.૦૫ % ઝીંક ઈડીટીએ (Zn EDTA)નો છાંટકાવ ફૂટ અને કંઠી નિકળવાની અવસ્થાએ કરવાથી ઉત્પાદન, ચોખ્ખો નફો અને ઝીંકનું પ્રમાણ વધે છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સં.વૈ., જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧.૬ જુવારની નવી જાત SR-2917 ગુજરાત નવસારી જુવાર-૧ (જી.એન.જે.-૧, Endorsement)

ગુજરાત રાજ્યનાં ખેડૂતોને દાણાની જુવારની જાત ગુજરાત નવસારી જુવાર-૧ (જીએનજે-૧)નું વાવેતર શિયાળુ ઋતુમાં પિયત પરિસ્થિતિમાં કરવા ભલામણ કરવામાં આવે છે. જુવારની આ જાતનું પિયત વિસ્તારમાં દાણાનું સરેરાશ ઉત્પાદન ૨૯૨૦ કિ.ગ્રા./હે. તથા ઘાસચારાનું સરેરાશ ઉત્પાદન ૭૩૫૫ કિ.ગ્રા./હે. છે, જે અંકુશ જાતો નિઝર ગોટી, બીપી-૫૩, ફુલે રેવતી, સીએસવી-૨૧૬ આર. અને સીએસવી - ૨૯ આર. કરતા અનુક્રમે ૩૩.૭, ૨૦.૮, ૧૪.૭, ૩૧.૮ અને ૨૧.૬ ટકા જેટલું વધુ ઉત્પાદન આપે છે. આ જાતના દાણામાં સ્ટાર્ચ ૬૩.૭%, પ્રોટીન ૧૦.૧% અને ઘાસચારામાં ક્રુડ પ્રોટીન ૪.૭૬% અને એન.ડી.એફ. ૫૬.૩૭% છે. આ જાતમાં જુવારના રોગો જેવા કે અંગારિયો, પાનના ટંપકા, પાનનો ઝાળ અને મધિયા રોગ સામે મધ્યમ પ્રતિકારકતા જોવા મળેલ છે. આ જાતમાં ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ઓછો જોવા મળેલ છે.





[ભલામણ વર્ષ: ૨૦૨૨, સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય જુવાર ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.ય., સુરત]

## ૧૮.૧.૭ ખરીફ જુવારમાં કઠોળ આંતર પાકોનો પ્રભાવ

દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ જુવાર ઉગાડતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને આવક મેળવવા તેમજ જમીનના કાર્યક્ષમ ઉપયોગ માટે ૩૦ સે.મી. ના અંતરે ૨:૧ ના પ્રમાણમાં જુવાર + અડદ આંતરપાક લેવા અને જુવારનું બે છોડ વચ્ચે ૧૫ સે.મી. અને અડદનું બે છોડ વચ્ચે ૧૦ સે.મી. અંતરે વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે.



ખરીફ જુવાર + અડદ આંતર પાક પદ્ધતિ

[ભલામણ વર્ષ : ૨૦૨૨, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જળ અને જમીન વ્યવસ્થા, કપાસ સંશોધન પેટા કેન્દ્ર, ન.કૃ.યુ., અછાલીયા]

## ૧૮.૧.૮ નાગલીની નવી જાત WN-591 [સી.એફ.એમ.વી. 3 (એક વિજય)] (Endorsement)

નાગલીની જાત સી.એફ.એમ.વી.૩ (એક વિજય) ગુજરાતનાં નાગલી ઊગાડતા વિસ્તારમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે.નાગલીની આ જાતનું દાણાનું સરેરાશ ઉત્પાદન ૩૪૨૯ કિ.ગ્રા./હે. મળેલ છે, જે સ્થાનિક અંકુશ જાત જી.એન.એન.૬ કરતાં ૧૨.૪૫% અને રાષ્ટ્રીય અંકુશ જાત વી.એલ. ૩૫૨ કરતાં ૩૦.૮૮% વધુ ઉત્પાદન આવેલ છે. આ જાત લાલ કથ્થઈ રંગના ભરાવદાર અને મોટા દાણાવાળી, એકી સાથે પાકતી અને ઢળી પડવા સામે પ્રતિકારકતા ધરાવે છે. આ જાત થડનો કોહવારો તથા પાનનાં, કણસલાની ગાંઠનાં અને કણસલાનાં કરમોડીનાં રોગ સામે મધ્યમ પ્રતિકારકતા ધરાવે છે. આ જાત, થડ કોરી ખાનાર ઈયળ અને મોલો જેવી જીવાતો સામે મધ્યમ પ્રતિકારક શક્તિ ધરાવે છે.





[ભલામણ વર્ષ: ૨૦૨૨, સહ સંશોધન વૈજ્ઞાનિક, હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ]

# ૧૮.૨ કઠોળ પાકો

## ૧૮.૨.૧ ખરીફ શાકભાજી તુવેરની વાવણીમાં તારીખ અને વાવણીનાં અંતરનો પ્રભાવ

દક્ષિણ ગુજરાતના ખરીફ ઋતુમાં શાકભાજી તુવેર ઉગાડતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, તુવેરની વાવણી ચોમાસા પહેલાં વહેલી કરવાથી ચોમાસુ વાવેતર (૩૦ એપ્રિલ થી ૧૭ જુન) જેટલું જ ઉત્પાદન મળે છે. વધુમાં, વધુ આવક તેમજ ખેતી કાર્યોમાં સરળતા માટે પાકનું વાવેતર ૧૮૦ સે.મી. x ૪૫ સે.મી. ના અંતરે કરવાની ભલામણ કરવામાં આવે છે.



ખરીફ શાકભાજી તુવેરમાં વાવણીની તારીખ અને વાવણીનાં અંતરનો પ્રભાવ

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સહ સંશોધન વૈજ્ઞાનિક, જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, કપાસ સંશોધન પેટા કેન્દ્ર, ન.કૃ.યુ.,અછાલીયા.]

## ૧૮.૨.૨ ચોળીની નવી જાત NCK-15-09 ગુજરાત શાકભાજી ચોળી-૯ (શાકંભરી)



ગુજરાતના ચોમાસુ અને ઉનાળુ શાકભાજી ચોળી (પાતળી ચોળી)નું વાવેતર કરતાં ખેડૂતોને ગુજરાત શાકભાજી ચોળી ૯ (શાકંભરી) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. આ જાત ચોમાસામાં લીલી ચોળીનું સરેરાશ ઉત્પાદન ૫૬૯૩ કિ.ગ્રા./હે. આપેલ છે, જે અંકુશ જાત પુસા ફાલ્ગુની કરતાં ૯.૦% ઉત્પાદન વધુ છે. આ જાત ઉનાળામાં લીલી ચોળીનું સરેરાશ ઉત્પાદન ૫૪૩૧ કિ.ગ્રા./હે. આપેલ છે, જે અંકુશ જાત પુસા ફાલ્ગુની કરતાં ૪૯.૩ % ઉત્પાદન વધુ છે. આ જાત ૮૦-૯૦ દિવસમાં પાકે છે (બીજ થી બીજ). આ જાતમાં પ્રોટીનનું પ્રમાણ અંકુશજાત કરતાં વધારે છે, જે લીલી શીંગમાં ૨૫.૪% છે. પાતળી લીલી શીંગો મધ્યમકદનાં સફેદ રંગના દાણા ધરાવે છે. આ જાત પીળા પંચરંગીયા રોગ સામે વધુ પ્રતિકારક અને લીલી શીંગની પ્રથમ વીણી ૫૫-૬૦ દિવસે થાય છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સહ સંશોધન વૈજ્ઞાનિક, કઠોળ અને દિવેલા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૨.૩ શણની નવી જાત NSUN-59 [જી.એન.એસ.યુ.એન-૧ (વિજય)]

ગુજરાતમાં શણનો લીલો પડવાશ કરતાં ખેડૂતોને જી.એસ.યુ.એન V૧ (વિજય) જાતની ભલામણ કરવામાં આવે છે. આ જાતનું સરેરાશ લીલા બાયોમાસનું ઉત્પાદન ૩૦.૭૫ ટન/ હે. મળેલ છે. આ જાત એકંદરે કે-૧૨ અને સ્વસ્તિક જેવી અંકુશ જાતો કરતાં અનુક્રમે ૩૮.૨૦% અને ૪૪.૩૭% જેટલો વધારે લીલો બાયોમાસ આપે છે. વાવણીના ૫૦-૫૫ દિવસ પછી આ જાતમાં ૫૦% ફૂલની અવસ્થા જોવા મળે છે. આ જાતમાં પ્રારંભિક વાનસ્પતિક વૃધ્ધિ, તાજા છોડનું વજન, છોડની ઉંચાઇ, ડાળીઓની સંખ્યા, પાનની લંબાઈ, પાનની પહોળાઈ તેમજ પાનની સંખ્યા વધુ હોવાથી લીલા પડવાશ માટે વધારે અનુકુળતા ધરાવે છે. આ જાતમાં મૂળની લંબાઈ, મૂળગંડિકાઓ અને મૂળગંડિકાઓનુ વજન વધારે હોવાથી વાતાવરણમાંથી જમીનમાં વધુ નાઈટ્રોજન પ્રસ્થાપિત કરે છે. લીલો પડવાશ કર્યા પછી આ જાત જમીનમાં સેન્દ્રિય કાર્બન, ઉપલબ્ધ નાઈટ્રોજન, ઉપલબ્ધ ફોસ્ફરસ તેમજ ઉપલબ્ધ પોટાશ વધુ ઉમેરે છે. આ જાત ઓછો કાર્બનઃ  નાઈટ્રોજન ગુણોત્તર ધરાવતી હોવાથી ખુબ જ ઝડપથી જમીનમાં લીલા પડવાશનું વિઘટન થાય છે. જાત કોહવારા રોગ સામે મધ્યમ પ્રતિકારક છે.




[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક, પાક સંવર્ધન વિભાગ, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૨.૪ દક્ષિણ ગુજરાતની ક્યારી જમીનમાં શિયાળુ શણ બીજ ઉત્પાદન ઉપર બીજ પક્રિયા અને પિયતની અસર




દક્ષિણ ગુજરાત વિસ્તારના શિયાળુ ઋતુમાં શણ બીજ ઉત્પાદન કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, રાયઝોબિયમ અથવા પી.એસ.બી. અથવા રાયઝોબિયમ + પી.એસ.બી. (૧ x ૧૦´ સીએફયુ/ મિ.લિ.) દરેક કલ્ચર ૧૦ મિ.લિ. પ્રતિ કિ.ગ્રા. બીજ ૨ લિટર પાણીમાં ૨ કલાક સુધી બોળીને બીજનું વાવેતર

કરવું અને પ્રથમ પિયત વાવણી બાદ તુરંત જ અને બીજુ પિયત ૩૦ દિવસે આપવાથી વધારે ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે.

[ભલામણવર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી]

# ૧૮.૩. તેલીબિયા પાકો

## ૧૮.૩.૧ અળસીનાં પાકમાં ઉગાવા પહેલા અને પછી નિંદણ વ્યવસ્થાપન

દક્ષિણ ગુજરાત વિસ્તારના અળસીની ખેતી કરતાં ખેડૂતોને નિંદણના અસરકારક નિંયત્રણ કરવા અને અર્થક્ષમ ઉત્પાદન ૨૦ અને ૪૦ દિવસે આંતરખેડ અને નીંદણ કરવાની ભલામણ કરવામાં આવે છે.



[ભલામણવર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી]

# ૧૮.૪ રોકડિયા પાકો

## ૧૮.૪.૧ કપાસમાં નીંદણ વ્યવસ્થાપન

દક્ષિણ ગુજરાતમાં કપાસ ઉગાડતા ખેડૂતોને નીંદણ વ્યવસ્થાપન માટે કપાસની વાવણીના ૨૦ થી ૨૫ દિવસ પહેલા હળવું પિયત આપી ૧૫ દિવસ બાદ નીંદણના પ્રથમ ઉગાવાનો નાશ કરી (જેના માટે ગ્લાયફોસેટ ૪૧% એસએલ ૧.૦ કિ.ગ્રા. સ.ત./હે. (૪૯ મિ.લિ./૧૦ લિ.) પ્રમાણે છંટકાવ કરવો અથવા હળવી ખેડ કરવી) વાવણી બાદ તુરંત પેન્ડિમીથેલીન ૩૦% ઈસી ૦.૯ કિ.ગ્રા. સ.ત./હે. (૬૦ મિ.લિ./૧૦ લિ.) તથા ૫૦ દિવસે ક્વિઝાલોફોપ ઈથાઈલ ૫% ઈસી ૫૦ ગ્રામ સ.ત./હે. (૨૦ મિ.લિ./૧૦ લિ.) અને પાયરીથાયોબેક સોડિયમ ૧૦% ઈસી ૭૫ ગ્રામ સ.ત./હે. (૧૫ મિ.લિ./૧૦ લિ.) પ્રમાણે મિશ્રણ તૈયાર કરી છંટકાવ કરવાથી કપાસનું વધુ તેમજ નફાકારક ઉત્પાદન મેળવી શકાય છે.




કપાસમાં નીંદણ વ્યવસ્થાપન

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, કૃષિ મહાવિધ્યાલય, ન.કૃ.યુ., ભરૂચ]

## ૧૮.૪.૨ કપાસમાં ખેડ અને આંતરપાકનો પ્રતિસાદ

દક્ષિણ ગુજરાતમાં કપાસ ઉગાડતા ખેડૂતોને વધુ તેમજ નફાકારક ઉત્પાદન મેળવવા માટે સબસોઈલિંગ (૩૦ સે.મી.) અથવા ઊંડી ખેડ (૨૨.૫ સે.મી.) કર્યા બાદ કલ્ટીવેટરથી ખેડ કરવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં અડદ અથવા મગનો આંતરપાક (૧:૨) ફાયદાકારક જણાયેલ છે.




કપાસમાં ખેડ અને આંતરપાકનો પ્રતિસાદ

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, કૃષિ મહાવિધ્યાલય, ન.કૃ.યુ., ભરુચ]

## ૧૮.૪.૩ સલ્ફર તત્વની બીટી કપાસના ઉત્પાદન પર અસર

દક્ષિણ ગુજરાતના બીટી સંકર કપાસનું વાવેતર કરતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે, સલ્ફર તત્વ ૬૦ કિ.ગ્રા./હે. પ્રમાણે આપવા માટે ૨૫૦ કિ.ગ્રા. ફોસ્ફો-જીપ્સમ સાથે ભલામણ થયેલ ફોસ્ફરસ (૪૦ કિ.ગ્રા./હે.) માટે ૨૫૦ કિ.ગ્રા./હે. સિંગલ સુપર ફોસ્ફેટના



રૂપમાં પાયાના ખાતર તરીકે તથા બાયોકમ્પોસ્ટ ૫ ટન/હે. જમીનની તૈયારી સમયે અને ૨૪૦ કિ.ગ્રા. નાઈટ્રોજન/હે. પાંચ સરખા હપ્તામાં (૪૮ કિ.ગ્રા. નાઈટ્રોજન/હે.) વાવણી બાદ ૩૦,૬૦,૭૫,૯૦ અને ૧૦૫ દિવસે આપવાથી કપાસનું વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત]

## ૧૮.૫ ફળ પાકો

### ૧૮.૫.૧ આંબા હાફુસમાં મોર વહેલો લાવવા માટેની માવજત



દક્ષિણ ગુજરાતમાં પુખ્તવયના હાફુસ આંબાના ઝાડ ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ઝાડને ઘટાની ત્રિજ્યા (મી.)નું ચાર ગણું પેક્લોબ્યુટ્રાઝોલ (૨૫% વી.વી.) જમીનમાં મે માસના બીજા અઠવાડિયામાં આપ્યા બાદ ૧૨૦ દિવસ પછી ૦.૫% થાયોયુરિયા (૫૦ ગ્રામ/૧૦ લિ. પાણી) નો છંટકાવ અથવા એપ્રિલના છેલ્લા અઠવાડીયામાં પેક્લોબ્યુટ્રાઝોલ (૨૫% વી.વી.) જમીનમાં આપ્યા બાદ ૧૨૦ દિવસ પછી વ્યાપારીક કક્ષાના ૦.૨૫% પોટેશ્યમ નાઈટ્રેટ (૨૫ ગ્રામ/૧૦ લિ. પાણી)નો છંટકાવની સાથે ભલામણ કરેલ ખાતર આપવાથી મોર વહેલો આવવાની સાથે ગુણવત્તાસભર વધુ ઉત્પાદન તેમજ વળતર મેળવી શકાય છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરિયા]

### ૧૮.૫.૨ આંબામાં નૌરોજી નોવેલ સેન્દ્રિય પ્રવાહી ખાતર અને સૂક્ષ્મ પોષક તત્વોનો પ્રતિસાદ



દક્ષિણ ગુજરાતમાં આંબાની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, આંબામાં ૨% નૌરોજી નોવેલ સેન્દ્રિય પ્રવાહી ખાતર (૨૦૦ મિ.લિ./૧૦ લિ.) અને ૧% કેલ્શિયમ નાઈટ્રેટ (૧૦૦ ગ્રામ/૧૦ લિ.)નો છંટકાવ કળીના વિકાસ અને પૂર્ણ મોર આવ્યાની અવસ્થાએ કરવાની તેમજ ભલામણ કરેલ રાસાયણિક ખાતર આપવાથી વધુ ઉત્પાદન અને વળતર મળે છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, મદદનીશ પ્રાધ્યાપક, બાગાયતશાસ્ત્ર વિભાગ, કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., ભરૂચ]

## ૧૮.૫.૩ આંબાની વિકૃતી રોગ (Mango malformation)નું અસરકારક નિયંત્રણ

ગુજરાતમાં આંબાની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, આંબામાં નવી પીલવણી નિકળતી વખતે વિકૃત ડાળી કાપી નાખ્યા બાદ કોપર ઓક્સિક્લોરાઈડ ૫૦% વે.પા ૦.૧૫% @ ૩ ગ્રામ/લિ. પાણી, ત્યાર બાદ ૨૦ દિવસના આંતરે કાર્બેન્ડાઝીમ ૫૦% વે.પા. ૦.૦૫% @ ૧ ગ્રામ/લિ. પાણી અને પ્રોપરગાઈટ ૫૭% ઈ.સી. ૦.૧૧% @ ૨.૦ મિ.લિ./લિ. પાણી સાથે છંટકાવ કરવો તથા ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં એન.એ.એ. ૨૦૦ પીપીએમ @ ૦.૨ ગ્રામ/લિ. પાણી અને ફુલની કળી નિકળવાની અવસ્થાએ ઈથરેલ ૫૦૦ પી.પી.એમ. @ ૦.૫ ગ્રામ/લિ. પાણીમાં ભેળવીને છંટકાવ કરવાથી આંબાની વિકૃતી રોગનું અસરકારક નિયંત્રણ કરી શકાય છે.

### સી.આઈ.બી.આર.સી. ફોર્મેટ પ્રમાણે


| વર્ષ | પાક | રોગ | ફુગનાશક | માત્રા | | | વેઈટીંગ પીરીયડ (દિવસ) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | સ.ત./ગ્રા. | સાંદ્રતા % | પાણીમાં મિશ્રણ | |
| ૨૦૨૨ | આંબા | આંબાની વિકૃતિ | કાર્બેન્ડાઝીમ ૪૬.૨૭ એસ.કો. | ૪૬ ગ્રામ/ ૧૦૦ લિ. | ૦.૧ ટકા | ૧૦૦ મિ.લિ./ ૧૦૦ લિ. | ૩૦ |
| | | | કોપર ઓક્સી ક્લોરાઈડ ૫૦ વે.પા. | ૦.૧૨ ટકા ૧૨૦ ગ્રામ/ ૧૦૦ લિ. | ૦.૨૪ ટકા | ૨૪૦ ગ્રામ/ ૧૦૦ લિ. | ૧૦ |
| | | | આલ્ફા નેપ્થાઈલ એસિટિક એસિડ ૪.૫ ટકા એસ.એલ. આંબાની વિકૃતી નિયંત્રિત કરવા માટે | ૨૦૦ પીપીએમ | | ૨૦ મિ.લિ./ ૪.૫ લિ. | - |
| | | | ઈથેફોન ૩૯ ટકા એસ.એલ. | ૭૭૦-૧૦૨૫ ૨૦૦ પીપીએમ | ૧૫૦૦-૨૦૦૦ | ૨૬ મિ.લિ./ ૧૦ લિ. | - |




આંબાની વિકૃતી

[ભલામણ વર્ષ: ૨૦૨૨ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વનસ્પતિ રોગશાસ્ત્ર), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા]

### ૧૮.૫.૪ ચીકુમાં પ્રવાહી ખાતરના છંટકાવની વિકાસ, ઉત્પાદન અને ગુણવત્તા પરત અસર (જાત: કાલીપત્તી)



દક્ષિણ ગુજરાતના ચીકુની કાલીપત્તી જાત ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, પુખ્તવયની વાડીમાં ૧% પોટેશિયમ નાઈટ્રેટ (૧૩-૦૦-૪૫) (૧૦૦ ગ્રામ પ્રતિ ૧૦ લિ. પાણી)નો સપ્ટેમ્બર, નવેમ્બર અને જાન્યુઆરી માસના બીજા પખવાડિયામાં છંટકાવ કરવાની સાથે ભલામણ મુજબનું ખાતર (૧૦૦ કિલો છાણીયું ખાતર + ૧૦૦૦-૫૦૦-૫૦૦ ગ્રામ ના.ફો.પો./ઝાડ) આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સંશોધન વૈજ્ઞાનિક, ફળ વિજ્ઞાન વિભાગ,અ.બા.વ.મા., ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૫.૫ પપૈયાના બીજસ્ફુરણ અને ધરુના વિકાસ ઉપર વિવિધ રંગના શેડનેટની અસર (જાત: જીજેપી-૧)



ગુજરાતના ખેડૂતો અને નર્સરી ધારકોને ભલામણ કરવામાં આવે છે કે, પપૈયાના ધરુને પ્લગ ટ્રેમાં (મીડીયા કોકોપીટ : લાલમાટી : વર્મીકોમ્પોસ્ટ, ૪:૧:૧ વો/વો) માર્ચ મહિનાનાં પ્રથમ અઠવાડિયામાં ૫૦ ટકા સફેદ શેડનેટમાં તૈયાર

કરવાથી વહેલું બીજસ્ફુરણ અને ધરુના ઉત્તમ વિકાસની સાથે વધુ વળતર મેળવી શકાય છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨ પ્રાધ્યાપક અને વડા, બાગાયત વિભાગ, ન.મ.કૃ.મ., ન.કૃ.યુ.,નવસારી]

## ૧૮.૫.૬ નેટ હાઉસમાં પપૈયાની ખેતી

દક્ષિણ ગુજરાતના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ઉભયલિંગી જાતના પપૈયાની ખેતી ઈન્સેક્ટપ્રુફ નેટહાઉસ (૪૦ મેશ)માં કરવાથી વધુ ઉત્પાદન, નફો અને સારી ગુણવત્તા વાળા ફળ મેળવી શકાય છે. વધુમાં, પપૈયા રીંગ સ્પોટ વાયરસ (પી.આર.એસ.વી.) નો ઉપદ્રવ અટકાવી શકાય છે.




નેટ હાઉસમાં પપૈયાની ખેતી

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સહ સંશોધન વૈજ્ઞાનિક, ફળ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., ગણદેવી]

## ૧૮.૫.૭ કાજુના પાકમાં ટીમોસ્કીટોબગનું જૈવિક નિયંત્રણ

દક્ષિણ ગુજરાતમાં કાજુની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, નવી ફુટ, ફુલો (મોર) અને ફળ અવસ્થાએ *બ્યુવેરીયા બેસીયાના* ૧.૧૫% વે.પા. (૧x૧૦$^{૮}$ સીએફયુ/ગ્રામ) ૦.૦૦૭% (૬૦ ગ્રામ/૧૦ લિ. પાણી) પ્રમાણે છંટકાવ કરવાથી ટીમોસ્કીટોબગનું અસરકારક નિયંત્રણ કરી કાજુનું વધુ ઉત્પાદન મેળવી શકાય છે.




ટીમોસ્કીટોબગનું નુકસાન

| સી.આઈ.બી.આર.સી. ફોર્મેટ પ્રમાણે | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | પાક | જીવાત | જંતુનાશક દવા અને તેનું ફોર્મ્યુલેશન | માત્રા/હે. | | જંતુનાશક દવા | | પાણી | વાપરવાની પધ્ધતિ | વેઈટીંગ પીરીયડ/ પી.એચ. આઈ. (દિવસ) |
| ૨૦૨૧ | કાજુ | ટી મોસ્કીટો બગ | *બ્યુવેરિયા બાસીયાના* ૧.૧૫ વે.પા.@ ૧ x ૧૦૮ સીએફયુ / ગ્રામ | ૧૩૮ ગ્રામ /હે. | ૧૨ કિગ્રા / હેક્ટર | 0.00૭% | ૬૦ ગ્રામ | ૨૦૦૦ લિટર/ હેક્ટર | છંટકાવ નવી ફુટ, ફુલો (મોર) અને ફળ અવસ્થાએ | - |

**[ભલામણ વર્ષ: ૨૦૨૨, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કિટકશાસ્ત્ર), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરીયા]**

## ૧૮.૬ શાકભાજી પાકો

### ૧૮.૬.૧ દરિયા કાંઠાની ક્ષારગ્રસ્ત જમીનમાં સંકલીત પાક પોષણ વ્યવસ્થાપનનો રીંગણના પાક પર પ્રતિભાવ




દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારનાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, રીંગણની ફેરરોપણી નિકપાળા પધ્ધતિથી (૯૦ સે.મી. x ૬૦ સે.મી.) કરવી સાથે ૧૦ ટન/હે. બાયોકમ્પોસ્ટ + ૧૨૫:૫૦:૩૭.૫ કિલો/હે. ના:ફો:પો (૫૦% નાઈટ્રોજન અને ૧૦૦% ફોસ્ફરસ અને પોટેશિયમ પાયામાં અને ૫૦% નાઈટ્રોજન ફેરરોપણીના ૩૦ દિવસ બાદ) આપવું તેમજ જૈવિક ખાતરો એઝોસ્પારીલમ અને પી.એસ.બી ૧૦´ સી.એફ.યુ./મિ.લિ., બન્ને ૧.૨૫ લિ./હે. પ્રમાણે જમીનમાં આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે સાથે દરિયા કાંઠાની ક્ષારગ્રસ્ત જમીનમાં નાઈટ્રોજન અને ફોસ્ફરસની લભ્યતામાં વધારો થાય છે.

**[ભલામણ વર્ષ: ૨૦૨૨, સં.વૈ., જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી]**

### ૧૮.૬.૨ નોવેલ ઓર્ગેનીક લીક્વીડ ન્યુટ્રિઅન્ટ છંટકાવ અને માઈક્રોન્યુટ્રિઅન્ટસની ભીંડા પર અસર તપાસવી




દક્ષિણ ગુજરાતનાં ચોમાસુ ભીંડાની ખેતી કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ૧.૫૦ % સાન્દ્રતાવાળા નોવેલ ઓર્ગેનીક લીક્વીડ ન્યુટ્રિઅન્ટ (૧૫૦ મિ.લિ./૧૦ લિટર પાણી) નો છંટકાવ વાવણી બાદ ૩૦, ૪૫ અને ૬૦ દિવસે કરવાની સાથે ભલામણ કરેલ રાસાયણિક ખાતર (૧૦૦-૫૦-૫૦ ના.ફો.પો. કિ./હે.) આપવાથી વધુ ઉત્પાદન અને વળતર મેળવી શકાય છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, શાકભાજી વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૬.૩ વાવણીનો સમય અને અંતરની ઓફ સીઝન ભીંડા પર અસર તપાસવી



દક્ષિણ ગુજરાતનાં ભીંડાની ખેતી કરતાં ખેડૂતોને વધુ વળતર મેળવવા માટે ઓફ સીઝન વાવણી ઓકટોબર માસનાં બીજા અઠવાડિયા દરમ્યાન ૪૫ સે.મી. x ૧૦ સે.મી.ના અંતરે કરવાની ભલામણ કરવામાં આવે છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, શાકભાજી વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૬.૪ દક્ષિણ ગુજરાતની કાળી જમીનમાં ફલાવરમાં ફર્ટીગેશનનો અભ્યાસ

દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ફલાવરનું વાવેતર કરતાં ખેડૂતોને ૫ ટન/હે. બાયો કમ્પોસ્ટ પાયામાં અને ભલામણ કરેલ ખાતરનો જથ્થો (૧૦૦:૫૦:૫૦ કિગ્રા એન.પી.કે./હે.) આપવાની ભલામણ કરવામાં આવે છે. ૧૦૦ ટકા ફોસ્ફરસ, સિંગલ સુપર ફોસ્ફેટના રૂપમાં (૩૨૦ કિ.ગ્રા./હે.) પાયામાં નાખીને ૧૦૦ ટકા નાઈટ્રોજન, (યુરીયાના રૂપમાં ૨૧૭ કિ.ગ્રા./હે.) અને પોટેશીયમ (મ્યુરેટ ઓફ પોટાશના રૂપમાં ૮૩ કિ.ગ્રા./હે.) ફર્ટીગેશન દ્વારા આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે.

અથવા

પાણીમાં ૧૦૦% દ્રાવ્ય ખાતરો ફર્ટીગેશન દ્વારા આપવા જેમાં નાઈટ્રોજન અને ફોસ્ફરસ, ૧૭:૪૪:૦૦ યુરીયા ફોસ્ફેટના રૂપમાં (૧૧૪ કિ.ગ્રા./હે.) અને બાકીનો નાઈટ્રોજન યુરીયાના રૂપમાં (૧૭૫ કિ.ગ્રા./હે.) અને પોટેશીયમ, મ્યુરેટ ઓફ પોટાશના રૂપમાં (૮૩ કિ.ગ્રા./હે.) વાપરવા.

### ટપક પધ્ધતિ દ્વારા ખાતર આપવાનો કાર્યક્રમ

| પાકનો વૃધ્ધિ ગાળો (અઠવાડીયા) | હપ્તાની સંખ્યા | કુલ નાઈટ્રોજન અને પોટેશીયમ / ફોસ્ફરસ (ટકા) |
|---|---|---|
| ૨ થી ૩ | ૨ | ૧૦ / ૪૦ |
| ૪ થી ૭ | ૩ | ૫૦/ ૩૦ |
| ૮ થી ૧૨ | ૩ | ૪૦/ ૩૦ |

### ટપક પધ્ધતિની વિગત:



લેટરલ અંતર : ૧.૨૦ મી.

ડ્રીપર અંતર : ૦.૬૦ મી.

ડ્રીપર દર : ૪ લિ./કલાક

ચલાવવાનું દબાણ : ૧.૨૦ કિગ્રા/સેમી$^{2}$

પધ્ધતિ ચલાવવાનો સમય (એકાંતરે દિવસે) :

ઓકટોબર - ૭૦ - ૭૫ મિનિટ

નવેમ્બર - ૮૦ - ૮૫ મિનિટ

ડીસેમ્બર - ૯૦ - ૧૦૦ મિનિટ

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સં.વૈ., જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૬.૫ ચોળી પાક પર બોરોન અને મોલિબ્ડેનમની મુળગંડીકા, વૃદ્ધિ અને ઉત્પાદન પર અસર તપાસવી

દક્ષિણ ગુજરાતના ઉનાળુ ચોળીની ખેતી કરતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે, મોલિબ્ડેનમ @ ૨ મિગ્રા/લિ. (એમોનિયમ મોલિબ્ડેટ @ ૨.૪૦ મિગ્રા/લિ.) ની ૨૪ કલાક પહેલા બીજ માવજત આપી રોપ્યા બાદ ૩૦, ૪૫ અને ૬૦ દિવસે બોરોન @ ૪ મિગ્રા/લિ. (બોરીક એસીડ @ ૨૨.૮૮ મિગ્રા/લિ.) નો છંટકાવ કરવાથી શીંગોનું વધુ ઉત્પાદન મળે છે. મોલિબ્ડેનમ ૪ મિગ્રા/ લિ. ની બીજ માવજતથી મુળગંડીકામાં વધારો જણાય છે.



બોરોન અને એમોનિયમ મોલિબ્ડેનમની ઉનાળુ ચોળી પર અસર

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, શાકભાજી વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૬.૬ ચોમાસુ ડાંગર બાદ મીઠી મકાઈમાં સિંચાઈ અને ખેડની જુદી જુદી પધ્ધતિઓની અસર

દક્ષિણ ગુજરાત વિસ્તારમાં રવિ ઋતુ દરમ્યાન મીઠી મકાઈનું વાવેતર કરતાં ખેડૂતોને વધારે ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવાની સાથે જમીનની ભૌતિક ગુણવત્તા સુધારાવા શૂન્ય ખેડ પધ્ધતિ સાથે ટપક પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં ચોમાસામાં ડાંગરની ખેતીમાં પણ શૂન્ય ખેડ પધ્ધતિ અપનાવવી.

### પધ્ધતિની વિગત :

| | | |
|---|---|---|
| લેટરલ અંતર | : | ૧.૨૦ મી. |
| ડ્રીપર અંતર | : | ૦.૬૦ મી. |
| ડ્રીપર દર | : | ૪ લિ./કલાક |
| ચલાવવાનું દબાણ | : | ૧.૨૦ કિગ્રા/સેમી$^{2}$ |
| ચલાવવાનો સમય | : | ડીસે. ૮૫ - ૯૦ મિનિટ |
| | | જાન્યુ. ૮૦ - ૮૫ મિનિટ |
| | | ફેબ્રુ. ૯૦ - ૧૦૦ મિનિટ |
| | | માર્ચ ૧૦૦ - ૧૧૫ મિનિટ |

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સં.વૈ., જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૬.૭ સક્કરટેટીની રક્ષિત ખેતીમાં કુચી મધમાખી દ્વારા પરાગનયન

ગુજરાતમાં સક્કરટેટીની રક્ષિત ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે, કે પોલીહાઉસમાં પરાગનયન માટે કુચી મધમાખીનો મધપૂડો (૨૫૦૦-૩૦૦૦ કુચી માખી/મધપૂડો/૭૦ ચો.મી.) રાખવો.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૬.૮ કારેલા પાકમાં ભારતીય/મહુવર માખી દ્વારા પરાગનયન

ગુજરાતમાં કારેલાની ખેતી કરતા ખેડૂતોને કારેલાનું વધુ ઉત્પાદન અને નફો મેળવવા ૧૦ ટકા ફૂલ આવે ત્યારે કુદરતી પરાગનયનની સાથે ભારતીય/મહુવર માખીની હેક્ટર દીઠ ચાર પેટી મુકવાની ભલામણ કરવામાં આવે છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨ આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., વઘઈ]



ભારતીય/મહુવર માખી

## ૧૮.૭ ફૂલ પાકો

### ૧૮.૭.૧ કટ ગ્રીન ઉપયોગ માટે વપરાતા હંસરાજને ઉગાડવા માટેનું ગ્રોવિંગ મીડિયા

હંસરાજને કટ ગ્રીન ઉપયોગ માટે કુદરતી હવા-ઉજાસવાળા પોલીહાઉસમાં વપરાતી બેંચિંગ સિસ્ટમની નીચે ગૌણ પાક તરીકે ઉગાડતા ગુજરાતનાં ખેડૂતોને છોડની વધુ સારી વૃધ્ધિ, પાનનું ઉત્પાદન તથા ચોખ્ખું વળતર મેળવવા કોકોપીટ મીડિયામાં ઉગાડવાની ભલામણ કરવામાં આવે છે.

**નોંધ ખાતર: યુરિયા-મહિનાના પ્રથમ અઠવાડિયામાં એક વાર ૫૦ મિ.લિ. ગ્રામ/લિ. સાંદ્રતાવાળું પાણી ૧૦૦ મિ.લિ./કુંડા દીઠ આપવું. ૧૯:૧૯:૧૯ NPK-મહિનાના ત્રીજા અઠવાડિયામાં એક વાર ૫૦ મિ.લિ. ગ્રામ/લિ. સાંદ્રતાવાળું પાણી ૧૦૦ મિ.લિ./કુંડા દીઠ આપવું.**

**કૂંડાનુ માપ : ૧૬ × ૧૧ સે.મી., ૧૫૦૦ સી.સી.**



$T_4$: Cocopeat



$T_5$: Local black soil

હંસરાજને ઉગાડવા માટેનું ગ્રોવિંગ મીડિયા તરીકે કોકોપીટનો પ્રભાવ

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, ફુલ વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૭.૨ હેવોર્થિયાના સંવર્ધન માટે વધુ પીલા મેળવવા બેંઝાઈલ એડેનાઈનનો ઉપયોગ

**કુદરતી હવા-ઉજાસવાળા પોલીહાઉસમાં હેવોર્થિયાને કુંડામાં ઉગાડતા ગુજરાતનાં નર્સરી ધારકોને ભલામણ કરવામાં આવે છે કે, રોપણી કર્યાના બે માસ બાદ બેંઝાઈલ એડેનાઈન (૨૫ મીલી ગ્રામ/લિટર) ના બે છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવાથી સંવર્ધન માટે વહેલા અને વધુ પ્રમાણમાં પીલા મળે છે.**





હેવોર્થિયાના સંવર્ધન માટે વધુ પીલા મેળવવામાં બેંઝાઈલ એડેનાઈનનો પ્રભાવ

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, ફુલ વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૭.૩ ઉચ્ચ સૌન્દર્યતા વાળા મલ્ટીગ્રાફ્ટ એડેનિયમ

એડેનિયમ ઉગાડતા ગુજરાતના નર્સરી ધારકો અને બાગ-બગીચાને લગતી કળાના શોખીનોએ ઉચ્ચ સૌન્દર્યતા વાળા મલ્ટીગ્રાફ્ટ એડેનિયમ વિકસાવવા માટે વિભીન્ન જાતોને દેશી મૂલકાંડ પર ગ્રાફ્ટ કરી નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે.


૧. ત્રણ જાતોવાળું એડેનિયમ વિકસાવવા: G.Ad.-1 + G.Ad.-2 + આભા ગ્રાફ્ટ કરવાથી છોડ પર વધુ સંખ્યામાં ફૂલો અને ફૂલોના ઝુમખા મળે છે, તેમજ વધુ દિવસો માટે ફૂલોનો સુમેળ સાધી શકાય છે.

૨. વધુ પાંખડીઓવાળા ફૂલો ધરાવતી બે જાતોવાળા એડેનિયમ વિકસાવવા: G.Ad.-1 + આભા અથવા G.Ad.-2 + આભા ગ્રાફ્ટ કરવાથી વર્ષના મોટા ભાગના સમયગાળા માટે વધુ સંખ્યામાં ફૂલો સાથે સુમેળ મેળવી શકાય છે.

૩. સિંગલ ફૂલો ધરાવતી બે જાતોવાળા એડેનિયમ વિકસાવવા: NASDUS2 + NAPVW1 ગ્રાફ્ટ કરવાથી વહેલા અને વધુ ફૂલો મેળવી શકાય છે.

ઉચ્ચ સૌન્દર્યતા વાળા મલ્ટીગ્રાફ્ટ એડેનિયમ વિકસાવવા માટે વિભીન્ન જાતોનું દેશી મૂલકાંડ પર ગ્રાફ્ટીંગ

G.Ad.-1 + G.Ad.-2 + આભા



G.Ad.-2 + આભા



G.Ad.-1 + આભા







**NASDUS2 + NAPVW1**

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, ફુલ વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૭.૪ ડેન્ડ્રોબીયમ ઓર્કિડમાં ખાતર વ્યવસ્થાપન

ગુજરાતના *ડેન્ડ્રોબીયમ ઓર્કિડ*ની કુદરતી હવા ઉજાસવાળા પોલીહાઉસમાં ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ૪૦૦ પીપીએમ નાઈટ્રોજન, ૨૦૦ પીપીએમ ફોસ્ફરસ અને ૪૦૦ પીપીએમ પોટેશીયમનો (૭૮૨.૬૧ મિ.ગ્રા./લિ. યુરીયા, ૩૨૭.૮૦ મિ.ગ્રા./લિ. ૧૨:૬૧:૦૦ અને ૮૦૦.૦૦ મિ.ગ્રા./ લિ. ૦૦:૦૦:૫૦) અઠવાડિયામાં ૨ વાર છોડ પર છંટકાવ કરવાથી સારી ગુણવત્તાવાળી વધુ ફૂલદાંડીઓનું ઉત્પાદન મેળવી શકાય છે.




[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રાધ્યાપક અને વડા, ફુલ વિજ્ઞાન વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી]

# ૧૮.૮ સેન્દ્રિય ખેતી

## ૧૮.૮.૧ કેળની સેન્દ્રિય પર અંતર અને સેન્દ્રિય ખાતરની વૃધ્ધિ, ઉત્પાદન અને ગુણવત્તા ઉપર અસર (જાતઃ ગ્રાન્ડ નૈન)



દક્ષિણ ગુજરાત વિસ્તારમાં સેન્દ્રિય ખેતીથી કેળા ઉગાડતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખું વળતર મેળવવા માટે ૨.૧ મી. x ૧.૫ મી. અથવા ૧.૮ મી. x ૧.૫ મી. નાં અંતરે રોપણી કરી ભલામણ કરેલ ૩૦૦ ગ્રામ નાઈટ્રોજન/છોડ નાડેપ કમ્પોસ્ટ (૧.૧૩% નાઈટ્રોજન ધરાવતું ૨૬.૫ કિ.ગ્રા./છોડ નાડેપ કમ્પોસ્ટ) દ્વારા ત્રણ સરખા હપ્તામાં રોપણી સમયે, રોપણીનાં ૩૦ અને ૬૦ દિવસ પછી આપવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં, રોપણી સમયે જૈવિક ખાતરો ૫ લિ./હે. (એઝેટોબેક્ટર, પી.એસ.બી. અને કે.એમ.બી., દરેક ૧૦$^{૮}$ જીવંત કોષ/મિ.લિ.) આપવા. રોપણીનાં એક મહિના બાદ જીવામૃત પણ પાંચ સરખા હપ્તામાં (૨૦૦ મિ.લિ./છોડ/હપ્તો) એક મહિનાનાં અંતરે રેડવું.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સહ પ્રાધ્યાપક અને વડા, એન.આર.એમ. વિભાગ, અ.બા.મ.વિ., ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૮.૨ સેન્દ્રિય ખેતીમાં હળદરની વિવિધ જાતોની શક્યતા



દક્ષિણ ગુજરાત વિસ્તારમાં સેન્દ્રિય ખેતીથી હળદર (જાતઃ સાલેમ અથવા સુગંધમ) ઉગાડતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખું વળતર મેળવવા માટે ભલામણ કરેલ ૧૦૦% નાઈટ્રોજનનો જથ્થો નાડેપ કમ્પોસ્ટ (૧.૦૮% નાઈટ્રોજન ધરાવતું ૫.૫ ટન/હે. નાડેપ કમ્પોસ્ટ) દ્વારા રોપણી પહેલાં આપવાની ભલામણ કરવામાં આવે છે. તેઓએ ૧૫ સે.મી. ઉંચાઈનાં ૯૦ સે.મી. પહોળા ગાદીક્યારા પર હળદરની રોપણી ૩૦ સે.મી. x ૨૦ સે.મી.નાં અંતરે કરવી અને બે

ગાદીક્યારા વચ્ચે ૫૦ સે.મી. અંતર રાખવું. વધુમાં રોપણી સમયે જૈવિક ખાતરો ૫ લિ./હે. (એઝેટોબેકટર અને પી.એસ.બી. દરેક ૧૦^ જીવંત કોષ/મિ.લી.) આપવા અને ઈક્કડને રોપણી સમયે વાવી આવરણ તરીકે ઉપયોગ કરવો. જીવામૃત ૧૫૦૦ લિ./હે. પણ ત્રણ સરખા હપ્તામાં રોપણીનાં ૪૫, ૬૦ અને ૭૫ દિવસ બાદ રેડવું.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સહ પ્રાધ્યાપક અને વડા, એન.આર.એમ. વિભાગ, અ.બા.મ.વિ., ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૯ કૃષિ ઈજનેરી

### ૧૮.૯.૧ ડેડિયાપાડાના આદિવાસી પ્રદેશ માટે ઝીરો એનર્જી ઈવેપોરેટિંગ કૂલિંગ સ્ટોરેજ સ્ટ્રકચર (ZEECSS) નો વિકાસ

દક્ષિણ ગુજરાતના સુકા આદિવાસી વિસ્તારના ખેડુતો અને ઉદ્યોગ સાહસિકોને ૧૧+૨ ડીગ્રી સે. તાપમાનના ઘટાડા, ૮૭% સાપેક્ષ આદ્રતા (રીલેટિવ હ્યુંમીડીટી) ૬૭૭.૮૯ વાટ/સ્કવેર મીટર સોલાર રેડિયેશન અને પવનની દિશામાં ૨.૩૯ મીટર/સેકન્ડ ગતિ સાથે ૧૦ દિવસ સુધી લાલ પિળા તાજા ટામેટાનો નુકસાન વિના સંગ્રહ કરવા માટે ૫૦ કિલો ગ્રામ ક્ષમતાના શુન્ય એનર્જી બાષ્પીભવનકારી ઈંટોના ૧૦૦ મી.મી. જાડાઈના કૂલીંગ પેડ સાથે કૂલિંગ સ્ટોરેજ સ્ટ્રકચર ઉપયોગ કરવાની ભલામણ કરવામા આવે છે.



ઝીરો એનર્જી ઈવેપોરેટિંગ કૂલિંગ સ્ટોરેજ સ્ટ્રકચર

[ભલામણ વર્ષ: ૨૦૨૨, મદદનીશ પ્રાદ્યાપક અને વડા, પ્રોસેસિંગ અને ફુડ ઈજનેરી વિભાગ કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ન.કૃ.યુ., ડેડીયાપાડા]

### ૧૮.૯.૨ મિશ્ર મોડ કેબિનેટ સોલર ડ્રાયરની ડિઝાઈન, વિકાસ અને કામગીરીનુ મુલ્યાંકન

ખેડુત સમુદાય અને ઉદ્યોગ સાહસિકોને, ૨૦ કિગ્રા ક્ષમતાવાળા મિશ્રમોડ કેબિનેટ સૌર સૂકવણી યંત્રની (૨ ચોરસ મી. સોલાર કલેક્ટર અને કાચની છત સાથે ૦૮. ઘન મીટર ડ્રાયીંગ ચેમ્બર) ની ભલામણ કરવામા આવે છે કે,



મિશ્ર મોડ કેબિનેટ સોલર ડ્રાયર

(૧) ટામેટાને (૯૪% થી ૮% ભેજ સુધી) ૮ મી.મી. જાડી સ્લાઈસ અને ૭ કિલો પ્રતિ ચો.મી. ટ્રે લોડ સાથે સુકવણી કરતા ઉનાળામાં અને શિયાળામાં અનુક્રમે ૧૦ અને ૧૪ કલાકનો સમય લાગે છે કે, જે ખુલ્લા તડકાની સરખામણીએ અનુક્રમે ૨૨ અને ૩૪ કલાકની બચત કરે છે.

(૨) ડુંગળીને (૮૫% થી ૮% ભેજ સુધી) ૮ મી.મી. જાડી સ્લાઈસ અને ૭ કિલો પ્રતિ ચો.મી ટ્રે લોડ સાથે સૂકવણી કરતા ઉનાળામા અને શિયાળામા અનુક્રમે ૯ અને ૧૩ કલાકનો સમય લાગે છે કે, જે ખુલ્લા તડકાની સરખામણીએ અનુક્રમે ૨૦ અને ૨૯ કલાકની બચત કરે છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨ મદદનીશ અને વડા, પુન:પ્રાપ્ય ઉર્જા ઈજનેરી વિભાગ, કૃ. ઈ. ટેકો., ન.કૃ.યુ, ડેડીયાપાડા]

## ૧૮.૧૦ મૂલ્યવૃદ્ધિ

### ૧૮.૧૦.૧ ફુલેવરમાં મીનીમલ પ્રોસેસીંગ માટેની વિકસીત પધ્ધતિ

પ્રોસેસરો અને ઉદ્યોગસાહસિકોને ભલામણ કરવામાં આવે છે કે, ફુલેવરના ટુકડા (૨૫ મીમી કદ) ને ૯૫°સે તાપમાને પાણીમાં ૧.૦% કેલ્શિયમ ક્લોરાઈડ ઉમેરી ૩ મિનિટ સુધી બ્લાન્ચીંગ કરવા. ત્યાર બાદ ૦.૧ % સાઈટ્રીક એસીડ અને ૦.૧ % પોટેશીયમ મેટાબાય સલ્ફાઈટના દ્રાવણમાં ૧૫ મિનિટ સુધી રાખવા. પછી વધારાનું પાણી દૂર કરી ટુકડાને ૨૦૦ ગેજ એલ.ડી.પી.ઈ. (લોડેન્સીટી પોલી ઈથીલીન) બેગમાં પેક કરી રેફ્રીજરેટર તાપમાને (૫°સે.) ૨૦ દિવસ સુરક્ષિત રીતે સંગ્રહ કરી શકાય છે.




મીનીમલી પ્રોસેસ્ડ ફુલેવર

[ભલામણનુ વર્ષ: ૨૦૨૨ પ્રધ્યાપક અને વડા, પી.એચ.ટી. વિભાગ, અ.બા.વ.મ., ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧૧ પશુપાલન

### ૧૮.૧૧.૧ સુરતી લવારાઓના શારીરીક વિકાસને અસરકર્તા બિનજનીનીક પરીબળો

(અ) ચોમાસાની ઋતુ (જુલાઈ થી ઓક્ટોબર માસ) દરમ્યાન જન્મેલા સુરતી લવારાઓમાં બીજી ઋતુઓમાં જન્મેલા લવારાઓની સરખામણીએ ૬ થી ૧૨ મહિનાની ઉંમર દરમ્યાન વધારે વજન જોવા મળતું હોવાથી દક્ષિણ ગુજરાત ના

સુરતી બકરા પાલકોને બકરીના બચ્ચા ચોમાસાની ઋતુ દરમ્યાન જન્મે એ રીતે બકરીઓને ફેળવવાની ભલામણ કરવામાં આવે છે.

(બ) જોડિયા અને ત્રિપુટી જન્મેલા લવારાઓનો શારીરિક વિકાસ નવ મહિના પછી એકલા જન્મેલા લવારાઓ જેટલો જ થતો હોવાથી દક્ષિણ ગુજરાતના બકરા પાલકોને જોડિયા અને ત્રિપુટી બચ્ચા આપતી સુરતી બકરીઓનું પાલન કરવાની ભલામણ કરવામાં આવે છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સંશોધન વૈજ્ઞાનીકશ્રી અને વડા, પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧૧.૨ સુરતી ભેંસોમાં વિયાણ બાદ પ્રવાહી એકબોલિક દવા પીવડાવવાના ફાયદા

સુરતી ભેંસ પાળતા પશુપાલકોને આથી ભલામણ કરવામાં આવે છે કે, તાજી વિયાએલ ભેંસોને વિયાણ બાદ તરત જ દરરોજ ૧૦ દિવસ સુધી ૧૦૦ મી.લી. આયુર્વેદીક પ્રવાહિ એકબોલીક દવા પીવડાવવાથી પ્રજનન કાર્યક્ષમતામાં વધારો થાય છે.

**માહિતી : પ્રવાહિ એકબોલીક દવાની સામગ્રી :**

*Each 10 ml contains extract derived from (in mg) Aloe barbadensis Lx.-80, Aristolochia indica Rt.-160, Citrullus colocynthis Rt.- 20, Cyperus rotundus Rz.- 120, Caesalpinia crista Sd.- 120, Desmodium Gangeticum Wh. Pl.- 60, Gardinia gummifera Ex.- 80, Gloriosa superba Rt.- 120, Gossypium herbaceum Rt.- 160, Inula racemosa Rt.-60, Leptadenia reticulata St.- 160, Lepidium sativum Fr.- 100, Plumbago zeylanica Rt.-160, Peganum harmala Sd.- 160, Piper longum Rt.- 80, Rubia cordifolia Rt.- 160, Saraca indica Bk.-120, Tribulus terrestris Fr.- 40, Uraria picta Wh. Pl-40, Excipients-q.s.*

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સંશોધન વૈજ્ઞાનીકશ્રી અને વડા, પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧૧.૩ ગર્ભકાળ દરમિયાન અપાતા પોષણક્ષમ આહારની બકરીઓના અને તેઓના લાવરાઓના વિકાસ દર પર અસર

દક્ષિણ ગુજરાતનાં સુરતી બકરા પાલકોને ભલામણ કરવામાં આવે છે કે, સુરતી બકરીઓને વિયાણના ૬૦ દિવસ પહેલા અને વિયાણ બાદ ૬૦ દિવસ સુધી દૈનિક ૨૦૦ ગ્રામદાણ (૧૮% CP) આપવાથી બકરીઓના દૂધ ઉત્પાદન, દૂધમાં ફેટના પ્રમાણમાં તેમજ બચ્ચાઓના જન્મ સમયે વજન તેમજ જન્મબાદ વૃધ્ધિદરમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, સંશોધન વૈજ્ઞાનીકશ્રી અને વડા, પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી]

### ૧૮.૧૧.૪ બ્રોઈલર પક્ષીના વિકાસદર ઉપર પથારીની અસર

દક્ષિણ ગુજરાતનાં બ્રોઈલર ઉછેર કરતાં મરઘાં પાલકોને ભલામણ કરવામાં આવે છે કે, કાગળના ટુકડાની સાપેક્ષે કાળી રેતીનો (૧.૫ ઇંચ જાડાઈ) ઉપયોગ શિયાળાની ઋતુમાં ભોયતળિયા ઉપર પથારી તરીકે કરવાથી આર્થિક રીતે ફાયદો થાય છે.



બ્રોઈલર પક્ષીના વિકાસદર ઉપર પથારીની અસર


[ભલામણ વર્ષ: ૨૦૨૨, પી.આઈ./વડા, એલ.એફ.સી. વિભાગ, વેટેરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧૨ ઘાસચારા

### ૧૮.૧૨.૧ દરિયા કાંઠાની ક્ષારગ્રસ્ત ભાસ્મીક જમીનમાં લીલા ઘાસચારા પર જીપ્સમનો પ્રતિભાવ

દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, લીલા ઘાસચારા માટે હાઈબ્રીડ નેપીયર ઘાસ અથવા ગીની ઘાસનું વાવેતર કરી વાવણી પહેલા ૭૫% જી.આર. ના દરે જીપ્સમ આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે અને જમીનની ભાસ્મીક્તા ઘટે છે.




[ભલામણ વર્ષ: ૨૦૨૨, સં.વૈ., જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧૩ મત્સ્યપાલન

### ૧૮.૧૩.૧ માછલી (*સિલાગો સિયામા*)ની પ્રજાતિના બચ્ચાનો ખારાશ ધરાવતા પાણીમાં ઉછેરનો અભ્યાસ

ગુજરાતના ભાંભરા પાણીમાં મત્સ્યપાલન કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, *સિલાગો સિયામા* માછલીની પ્રજાતિના બચ્ચાનો ઉછેર ૩૦ પીપીટી ખારાશ ધરાવતા પાણીમાં કરવાથી વધુ સારો જીવંતદર, વિકાસ અને આર્થિક વળતર મેળવી શકાય છે.






[ભલામણ વર્ષ: ૨૦૨૨, એકવેટિક એન્વાયર્મેન્ટ મેનેજમેન્ટ વિભાગ, કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, કા.યુ., નવસારી]

## ૧૮.૧૪ વન્ય પાકો

### ૧૮.૧૪.૧ વાંસની વિવિધ પ્રજાતિઓનું કલ્મ કટિંગ પદ્ધતિ તેમજ વિવિધ રુટ હોર્મોન ટ્રીટમેન્ટ દ્વારા મેક્રોપ્રોપેગેશન

ગુજરાતના ખેડૂતો તેમજ નર્સરી ધારકોને કલ્મ કટિંગ પદ્ધતિ વડે રોપા ઉછેર કરવા માટે ભલામણ કરવામાં આવે છે કે બામ્બુસા બાલ્કોઆના બે થી ત્રણ વર્ષના દાંડાને ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં બે ગાંઠ વચ્ચે, બે છિદ્રની અંદર ૧૨૦ મિ.લિ. (૬૦ મિ.લિ. + ૬૦ મિ.લિ.) એનએએ-૫૦૦ મીલી ગ્રામ/લીટરનું દ્રાવણ, બામ્બુસા બામ્બોસ અને ડેન્ડ્રોકેલેમસ સ્ટોકસીની બે ગાંઠ વચ્ચે ૧૨૦ મિ.લિ. (૬૦ મિ.લિ. + ૬૦ મિ.લિ.) આઈબીએ-૫૦૦ મીલી ગ્રામ/લીટરનું દ્રાવણ અને બામ્બુસા વલ્ગેરીસ વેરાઈટી વલ્ગેરીસ

**(ગ્રીન વાંસ) ની બે ગાંઠ વચ્ચે ૧૨૦ મિ.લિ. (૬૦ મિ.લિ. + ૬૦ મિ.લિ.) આઈબીએ-૨૦૦ મીલી ગ્રામ/લિટરનું દ્રાવણ નાખ્યા બાદ છિદ્રને સેલોટેપની મદદથી બરાબર બંધ કરવાથી વધારે ઉગાવો મેળવવા માટે નીચે મુજબની પદ્ધતિનો ઉપયોગ કરવો.**

**કલ્મ કટિંગ કરવાની પદ્ધતિ:**

**બે થી ત્રણ વર્ષના વાંસના દાંડાની પસંદગી કરવી**

↓

**સમાન અંતરે બે ગાંઠ વચ્ચે બે છિદ્ર કરવા**

↓

**બે છિદ્રમાં જરૂરિયાત મુજબ રુટિંગ હોર્મોન નાખવું**

↓

**સેલોટેપની મદદથી છિદ્ર બંધ કરવું**

↓

**દાંડાને બે છિદ્ર ઉપર રહે તે રીતે ગાદી ક્યારામાં મૂકવું**

↓

**ગાદી ક્યારામાથી કલમને મૂળ સાથે ઉપાડીને પ્લાસ્ટીકની થેલીમાં ઉછેરવા**





**[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રોજેક્ટ ઈનચાર્જ અને વડા, સીલ્વીકલ્ચર અને એગ્રોફોરેસ્ટ્રી વિભાગ, વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી]**

## ૧૮.૧૪.૨ નીલગીરી (યુકેલિપ્ટસ સ્પીસીસ) માટે વોલ્યુમેટ્રિક સમીકરણનો વિકાસ

દક્ષિણ ગુજરાતના ખેડૂતો, વનપાલો અને લાકડાના વેપારીઓને ૧૦-૬૦ સેમી ડીબીએચ ધરાવતા નીલગીરીના ઉભા વૃક્ષના કદના અંદાજ માટે કદ દર્શક સમીકરણ, V = ૦.૦૬૨૧+૦.૦૦૦૦૩૭D2H-૦.૦૦૦૩D2+૦.૦૦૦૯DH-૦.૦૧૦૪ H (R2=૦.૯૫૧) (V=ઘનમીટરમાં કદ D= સેન્ટીમીટરમાં ડીબીએચ (ડાયામીટર એટ બ્રેસ્ત હાઈટ, H= મીટરમાં ઉંચાઈ) અને નીચે આપેલ સ્થાનિક કદદર્શક કોષ્ટકનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે.

કોષ્ટક: દક્ષિણ ગુજરાતની પરિસ્થિતિમાં ઉગાડવામાં આવેલ નીલગીરીના વૃક્ષો માટે વિકસાવવામાં આવેલ સ્થાનિક કદ દર્શક કોષ્ટક (ઘન મી. પ્રતિ વૃક્ષ)

| | | | ઊંચાઈ(મી.) ( હાઈટ રેંજ અને મિડવેલ્યૂ) | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ડાયામીટર/હાઈટરેંજ | | ૮-૧૧ | ૧૧-૧૪ | ૧૪-૧૭ | ૧૭-૨૦ | ૨૦-૨૩ | ૨૩-૨૬ | ૨૬-૨૯ | ૨૯-૩૨ | ૩૨-૩૫ | ૩૫-૩૮ | ૩૮-૪૧ | ૪૧-૪૪ |
| ડીબીએચ (સે.મી.) (ડાયામીટર રેંજ અને મિડવેલ્યૂ) | | મીડડાયામીટર/હાઈટ | ૯.૫ મી | ૧૨.૫ મી | ૧૫.૫ મી | ૧૮.૫ મી | ૨૧.૫ મી | ૨૪.૫ મી | ૨૭.૫ મી | ૩૦.૫ મી | ૩૩.૫ મી | ૩૬.૫ મી | ૩૯.૫ મી | ૪૨.૫ મી |
| | ૧૦-૧૫ | ૧૨.૫ સે.મી. | ૦.૦૭૮ | ૦.૦૯૮ | ૦.૧૧૮ | ૦.૧૩૮ | ૦.૧૫૮ | ૦.૧૭૮ | | | | | | |
| | ૧૫-૨૦ | ૧૭.૫ સે.મી. | ૦.૧૨૯ | ૦.૧૭૯ | ૦.૨૨૯ | ૦.૨૭૯ | ૦.૩૨૯ | ૦.૩૭૯ | ૦.૪૨૯ | | | | | |
| | ૨૦-૨૫ | ૨૨.૫ સે.મી. | ૦.૧૮૨ | ૦.૨૬૭ | ૦.૩૫૩ | ૦.૪૩૯ | ૦.૫૨૫ | ૦.૬૧૦ | ૦.૬૯૬ | ૦.૭૦૫ | | | | |
| | ૨૫-૩૦ | ૨૭.૫ સે.મી. | | ૦.૩૬૪ | ૦.૪૯૧ | ૦.૬૧૮ | ૦.૭૪૫ | ૦.૮૭૨ | ૦.૯૯૯ | ૧.૧૨૬ | ૧.૨૫૩ | | | |
| | ૩૦-૩૫ | ૩૨.૫ સે.મી. | | ૦.૪૬૯ | ૦.૬૪૩ | ૦.૮૧૭ | ૦.૯૯૧ | ૧.૧૬૫ | ૧.૩૩૮ | ૧.૫૧૨ | ૧.૬૮૬ | | | |
| | ૩૫-૪૦ | ૩૭.૫ સે.મી. | | | ૦.૮૦૯ | ૧.૦૩૫ | ૧.૨૬૧ | ૧.૪૮૭ | ૧.૭૧૩ | ૧.૯૩૯ | ૨.૧૬૫ | ૨.૩૯૨ | | |
| | ૪૦-૪૫ | ૪૨.૫ સે.મી. | | | ૦.૯૮૮ | ૧.૨૭૨ | ૧.૫૫૬ | ૧.૮૪૦ | ૨.૧૨૪ | ૨.૪૦૮ | ૨.૬૯૨ | ૨.૯૭૬ | | |
| | ૪૫-૫૦ | ૪૭.૫ સે.મી. | | | ૧.૧૮૧ | ૧.૫૨૮ | ૧.૮૭૬ | ૨.૨૨૩ | ૨.૫૭૧ | ૨.૯૧૮ | ૩.૨૬૬ | ૩.૬૧૩ | ૩.૯૬૧ | |
| | ૫૦-૫૫ | ૫૨.૫ સે.મી. | | | | ૧.૮૦૪ | ૨.૨૨૦ | ૨.૬૩૭ | ૩.૦૫૩ | ૩.૪૭૦ | ૩.૮૮૬ | ૪.૩૦૩ | ૪.૭૧૯ | ૫.૧૩૬ |
| | ૫૫-૬૦ | ૫૭.૫ સે.મી. | | | | | ૨.૫૮૯ | ૩.૦૮૦ | ૩.૫૭૧ | ૪.૦૬૩ | ૪.૫૫૪ | ૫.૦૪૫ | ૫.૫૩૬ | ૬.૦૨૭ |

**કોષ્ટક: દક્ષિણ ગુજરાતની પરિસ્થિતિમાં ઉગાડવામાં આવેલ નીલગીરીના વૃક્ષો માટે વિકસાવવામાં આવેલ સ્થાનિક કદ દર્શક કોષ્ટક (ઘન ફૂટ પ્રતિ વૃક્ષ)**

| | | | ઊંચાઈ(મી.) ( હાઈટ રેંજ અને મિડવેલ્યૂ) | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ડાયામીટર/હાઈટરેંજ | | ૨૬.૨૫-૩૬.૦૯ | ૩૬.૦૯-૪૫.૯૩ | ૪૫.૯૩-૫૫.૭૭ | ૫૫.૭૭-૬૫.૬૨ | ૬૫.૬૨-૭૫.૪૬ | ૭૫.૪૬-૮૫.૩૦ | ૮૫.૩૦-૯૫.૧૪ | ૯૫.૧૪-૧૦૪.૯૯ | ૧૦૪.૯૯-૧૧૪.૮૩ | ૧૧૪.૮૩-૧૨૪.૬૭ | ૧૨૪.૬૭-૧૩૪.૫૧ | ૧૩૪.૫૧-૧૪૪.૩૬ |
| | મીડડાયામીટર/હાઈટ (ફૂટ) | | ૩૧.૧૭ | ૪૧.૦૧ | ૫૦.૮૫ | ૬૦.૭૦ | ૭૦.૫૪ | ૮૦.૩૮ | ૯૦.૨૨ | ૧૦૦.૦૭ | ૧૦૯.૯૧ | ૧૧૯.૭૫ | ૧૨૯.૫૯ | ૧૩૯.૪૪ |
| ડીબીએચ (સે.મી.) (ડાયામીટર રેંજ અને મિડવેલ્યૂ) | ૪-૬ | ૫ ઈંચ | ૨.૭૬૨ | ૩.૪૫૬ | ૪.૧૬૭ | ૪.૮૭૦ | ૫.૫૭૩ | ૬.૨૭૫ | | | | | | |
| | ૬-૮ | ૭ ઈંચ | ૪.૫૪૫ | ૬.૩૧૨ | ૮.૦૭૯ | ૯.૮૪૭ | ૧૧.૬૧૪ | ૧૩.૩૮૧ | ૧૫.૧૪૯ | | | | | |
| | ૮-૧૦ | ૯ ઈંચ | ૬.૪૧૮ | ૯.૪૪૬ | ૧૨.૪૭૪ | ૧૫.૫૦૨ | ૧૮.૫૩૦ | ૨૧.૫૫૮ | ૨૪.૫૮૬ | ૨૪.૮૮૬ | | | | |
| | ૧૦-૧૨ | ૧૧ઈંચ | | ૧૨.૮૬૭ | ૧૭.૩૫૨ | ૨૧.૮૩૭ | ૨૬.૩૨૨ | ૩૦.૮૦૬ | ૩૫.૨૯૧ | ૩૯.૭૭૬ | ૪૪.૨૬૧ | | | |
| | ૧૨-૧૪ | ૧૩ ઈંચ | | ૧૬.૫૭૬ | ૨૨.૭૧૩ | ૨૮.૮૫૦ | ૩૪.૯૮૮ | ૪૧.૧૨૫ | ૪૭.૨૬૩ | ૫૩.૪૦૦ | ૫૯.૫૩૮ | | | |
| | ૧૪-૧૬ | ૧૫ ઈંચ | | | ૨૮.૫૫૭ | ૩૬.૫૪૩ | ૪૪.૫૨૯ | ૫૨.૫૧૫ | ૬૦.૫૦૧ | ૬૮.૪૮૮ | ૭૬.૪૭૪ | ૮૪.૪૬૦ | | |
| | ૧૬-૧૮ | ૧૭ ઈંચ | | | ૩૪.૮૮૩ | ૪૪.૯૧૪ | ૫૪.૯૪૫ | ૬૪.૯૭૬ | ૭૫.૦૦૭ | ૮૫.૦૩૮ | ૯૫.૦૬૯ | ૧૦૫.૧૦૦ | | |
| | ૧૮-૨૦ | ૧૯ ઈંચ | | | ૪૧.૬૯૩ | ૫૩.૯૬૫ | ૬૬.૨૩૬ | ૭૮.૫૦૮ | ૯૦.૭૭૯ | ૧૦૩.૦૫૧ | ૧૧૫.૩૨૩ | ૧૨૭.૫૯૪ | ૧૩૯.૮૬૬ | |
| | ૨૦-૨૨ | ૨૧ ઈંચ | | | | ૬૩.૬૯૪ | ૭૮.૪૦૨ | ૯૩.૧૧૦ | ૧૦૭.૮૧૯ | ૧૨૨.૫૨૭ | ૧૩૭.૨૩૫ | ૧૫૧.૯૪૪ | ૧૬૬.૬૫૨ | ૧૮૧.૩૬૧ |
| | ૨૨-૨૪ | ૨૩ ઈંચ | | | | | ૯૧.૪૪૩ | ૧૦૮.૭૮૪ | ૧૨૬.૧૨૫ | ૧૪૩.૪૬૬ | ૧૬૦.૮૦૭ | ૧૭૮.૧૪૮ | ૧૯૫.૪૮૯ | ૨૧૨.૮૩૦ |





[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રોજેક્ટ ઈનચાર્જ અને વડા, સીલ્વીકલ્ચર અને એગ્રોફોરેસ્ટ્રી વિભાગ, વનીય મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧૪.૩ રક્તચંદન (*ટેરોકાર્પસ સેન્ટેલિનસ*) ના અંકુરણ પર વિવિધ પ્રી- સોવીંગ ટ્રીટમેન્ટની અસર

નર્સરી ધારક, વનવાસી/ વન ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, રક્ત ચંદનના શીંગનું અંકુરણ વધારવા માટે શીંગને જીબ્રેલીક એસિડના ૫૦૦ મીલી ગ્રામ/ લીટર દ્રાવણમાં ૧ દિવસ સુધી પલાળી રાખી તેને માર્ચ મહિનામાં રેતીના ક્યારામાં ઉગાડ્યા પછી બે પાંદડાની અવસ્થાએ ધરુને ૨:૧:૨ ના પ્રમાણમાં માટી, રેતી અને છાણિયા ખાતરના ગ્રોવિંગ મીડિયામાં ઉગાડવાથી રોપનો સારો વિકાસ થાય છે. નોંધ: ૫૦૦ મીલી ગ્રામ જીબ્રેલીક એસિડને ૧૦૦ મિ.લિ. પાણી તથા ૫-૧૦ મિ.લિ. આલ્કોહોલમાં જીબરેલીક એસિડને સંપૂર્ણ રીતે ઓગાળવુ અને અંતે કુલ ૧ લિટર દ્રાવણ બનાવવું.






[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રોજેક્ટ ઈનચાર્જ અને વડા, સીલ્વીકલ્ચર અને એગ્રોફોરેસ્ટ્રી વિભાગ, વનીય મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી]

## ૧૮.૧૩.૪ દક્ષિણ ગુજરાતમાં જમીનની ફળદ્રુપતા પર નીલગીરીના વાવેતરની અસર

ગુજરાતના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, નીલગીરીના વૃક્ષનું વાવેતર કરવાથી જમીનની આલ્કલીયતામાં ઘટાડો થાય છે જ્યારે સેન્દ્રિય કાર્બન, લભ્ય ફોસ્ફરસ, લભ્ય પોટાશ, જમીનના બકટેરિયા અને ફૂગની સંખ્યામાં વધારો થાય છે, વધુમાં લભ્ય નાઈટ્રોજન અને જમીનની વિદ્યુત વાહકતામાં નીલગીરીના વાવેતરથી અસર થતી નથી.

[ભલામણ વર્ષ: ૨૦૨૨, પ્રોજેક્ટ ઈનચાર્જ અને વડા, સીલ્વીકલ્ચર અને એગ્રોફોરેસ્ટ્રી વિભાગ, વનીય મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી]

# ગુણવત્તા અને વિશ્વસનીયતાનું પ્રતિક નૌરોજી સીડ અને બાયોફર્ટીલાઈઝર

NAVSARI AGRICULTURAL UNIVERSITY

NAUROJI








નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત અગત્યના પાકોની સુધારેલી/સંકર જાતોના બિયારણ અદ્યતન પ્રોસેસિંગ પ્લાન્ટમાં પ્રોસેસ કરી, તૈયાર કરી, સીલ બંધ બેગ "નૌરોજી સીડ" ના નામથી પેકિંગ કરીને વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત જુદા–જુદા પાકો માટે અગત્યના જૈવિક ખાતર (બાયોફર્ટીલાઈઝર)નું ઉત્પાદન તથા વેચાણ કરવામાં આવે છે.

ખેડૂત મિત્રોએ બિયારણ, જૈવિક ખાતર, કલમો તેમજ ફળમાખી ટ્રેપ માટે નીચે દર્શાવેલ સરનામે/ફોન ઉપર સંપર્ક સાધવાથી જરૂરી માર્ગદર્શન મળશે.

### :: બિયારણ ::

નોડલ ઓફીસર (મેગાસીડ) અને યુનિટ હેડ,
કઠોળ અને દિવેલા સંશોધન કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
ફોન: ૦૨૬૩૭–૨૮૨૦૨૮

### :: જૈવિક ખાતર ::

પ્રાધ્યાપક અને વડા,
વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
ફોન: ૦૨૬૩૭–૨૮૨૭૭૧–૭૫ એક્ષ.નં. ૧૨૧૦

### :: રોપા/કલમો ::

સંશોધન વૈજ્ઞાનિક,
વિભાગીય ફળ વિજ્ઞાન વિભાગ,
અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

### :: ફળમાખી ટ્રેપ ::

પ્રાધ્યાપક અને વડા,
કિટકશાસ્ત્ર વિભાગ,
ન.મ. કૃષિ મહાવિદ્યાલય,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

# નૌરોજી નોવેલ

## કેળનાં થડમાંથી બનાવેલ સેન્દ્રિય પ્રવાહી ખાતર

**ફાયદાઓ :-**

- સંપૂર્ણ સેન્દ્રિય પ્રવાહી ખાતર છે.
- નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ ઉપરાંત સૂક્ષ્મ તત્વો પણ ધરાવે છે.
- કુદરતી રીતે પેદા થતાં વૃધ્ધિવર્ધક ધરાવે છે.
- જુદા જુદા પાકમાં ફુલ, ફળ અવસ્થાએ છંટકાવ કરવાથી ઉત્પાદન વધે છે.
- વૃધ્ધિવર્ધક હોય નર્સરી તબકકામાં ઉપયોગ કરવાથી છોડનો વૃધ્ધિ અને વિકાસ ઝડપી થાય છે.

NAVSARI AGRICULTURAL UNIVERSITY




:: ઉત્પાદક અને વિક્રેતા ::

સંશોધન વૈજ્ઞાનિક (જળ અને જમીન)
બનાના સ્યુડોસ્ટેમ પ્રોસેસીંગ યુનિટ
જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
ફોન. ૦૨૬૩૭-૨૯૨૧૦૩




**કૃષિ સંબધિત તાંત્રિક્તા/તાલીમની વિગત માટે વિસ્તરણ કેન્દ્રોના સંપર્ક નંબર**

| નં. | કચેરીની વિગત | સંપર્ક નંબર |
|---|---|---|
| ૧ | સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ.,નવસારી | ૦૨૬૩૭-૨૮૨૫૭૨ |
| ૨ | એગ્રીકલ્ચરલ ટેકનોલોજીએ ઈન્ફોર્મેશન સેન્ટર, ન.કૃ.યુ., નવસારી | ૦૨૬૩૭-૨૮૨૭૮૬ |
| ૩ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ.,નવસારી | ૦૨૬૩૭-૨૮૨૦૦૮-૦૯ |
| ૪ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વઘઈ (ડાંગ) | ૦૨૬૩૧- ૨૯૬૬૪૫ |
| ૫ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., વ્યારા, જિ. તાપી | ૦૨૬૨૬-૨૨૧૮૬૯ |
| ૬ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ., દેડિયાપાડા | ૦૨૬૪૯-૨૩૪૫૦૧ |
| ૭ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , નવસારી કૃષિ યુનિવર્સિટી , સુરત | ૦૨૬૧-૨૬૫૫૫૬૫ |

# બામ્બુ રિસોર્સ સેન્ટર
# વનિય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી

બામ્બુ રિસોર્સ સેન્ટર (વાંસ સંશધાન કેન્દ્ર) વનિય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી અંતર્ગત ચાલી રહી છે. જેમાં, સંશોધન, તાલીમ તેમજ ખેડૂતો, વાંસના કારીગરો અને ઉધોગસાહસિકોને વાંસના વાવેતર અને વાંસની બનાવટ તૈયાર કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે અને વાંસની બનાવટ તેમજ વાંસના રોપનું વેચાણ કરવામાં આવે છે.














:: સંપર્ક વિગત ::

બામ્બુ રિસોર્સ સેન્ટર, બાગાયત હોસ્ટેલની બાજુમાં

વનિય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી - ૩૯૬ ૪૫૦, ગુજરાત

મો. ડૉ. જયેશ પાઠક (+૯૧ ૯૬૬૨૮૫૮૪૯૦)